## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સબકા હકિમ, સબકો અફીમ...!!

# ચ-માર્ગ પર અખબારભવનના 'કટ' પાસે વધુ એક અકસ્માત

## એસટી બસ અને ટેમ્પો વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં સદભાગ્યે કોઇને ઇજા નહીં
## 'ચ' માર્ગના આ વિસ્તારમાં વારંવાર સર્જાતા અકસ્માતોથી ચિંતાની સ્થિતિ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના રાજમાર્ગો પર બેફામ દોડતાં વાહનોની ગતિ પર નિયંત્રણ સાધવા અંગે ફરિયાદો વારંવાર ઉઠતી રહે છે અને ખાસ કરીને શહેરના મુખ્ય માર્ગ 'ચ' રોડ પર વિવિધ સ્થળે વારંવાર નાના મોટાં અકસ્માત થવાના કિસ્સાં સર્જાતા રહે છે જેમાં અખબારભવન તરફ જવાના 'કટ'નો સમાવેશ થાય છે. આજે સવારે પણ આ 'કટ' પાસે એક એસટી બસ અને એક ટેમ્પો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. સદભાગ્યે આ અકસ્માતમાં કોઈને ઈજા થવા નથી પામી પરંતુ એસટી બસનો આગળનો વિન્ડ સ્કિન સંપૂર્ણપણે તુટી ગયો હતો અને બસના આગળના ભાગે મોટો ગોબો પડી જવા પામ્યો હતો.

શહેરના 'ચ' માર્ગ પરથી સેક્ટર-૧૧માં અખબાર ભવન તેમજ બીએસએનએલ તરફ જવાના 'કટ' નજીક બીજી તરફ કૃષિ ભવનના બસ સ્ટોપ પાસે નવા સચિવાલય અને નિર્માણભવન તરફ જવાનો 'કટ' આવે છે. આ બંને 'કટ' એકબીજાની તદન સામે ના હોવાથી અંહી ચાર રસ્તા હોવા છતાં 'ચોકડી' બનતી નથી જે સ્થિતિ વાહનચાલકો માટે વધુ અસમંજસભરી બને છે અને તેમાં સર્જાતા ગુંચવાડાને કારણે 'ચ' માર્ગ પરના આ વિસ્તારમાં વારંવાર નાના મોટા અકસ્માત સર્જાય છે. વળી, 'ચ' માર્ગ પરથી અખબાર ભવન તરફ જતાં તુરંત જ સર્વિસ રોડ આવી જતાં નાની ચોકડી બને છે જેનો એક માર્ગ બીએસએનએલની કચેરી તરફ, બીજો અખબાર ભવન અને ત્રીજો સુમન ટાવર તરફ જાય છે. આ ચોકડીએ પણ છાશવારે અકસ્માતના બનાવો બને છે.



આજે સવારે ચંડોળા એસટી ડેપોની એક બસ જે ગાંધીનગરથી વાયા દહેગામ થઈને અમદાવાદ તરફ જવા નીકળી હતી જે 'ચ' માર્ગ પર અખબારભવન પાસેના 'કટ' પાસેના ટ્રાફિક સિગ્નલે પંહોચી ત્યારે ટ્રાફિક સિગ્નલ રેડ થઈ જતાં બસની આગળ જઈ રહેલા એક ટેમ્પો ચાલકે અચાનક બ્રેક મારતાં એસટી બસ તેની પાછળ ભટકાઈ હતી. આ અકસ્માતમાં એસટી બસનો આગળનો વિન્ડ સ્કિન સંપૂર્ણપણે તુટી ગયો હતો અને બસના આગળના ભાગે મોટો ગોબો પડી જવા પામ્યો હતો. સદભાગ્યે આ અકસ્માતમાં કોઈને ઈજા થવા પામી નહોતી અને બસમાં જૂજ સંખ્યામાં મુસાફરો હતા જેને ત્યાં કૃષિભવનના બસ સ્ટોપે ઉતારી દેવાયાં હતાં. જોકે આ સાથે 'ચ' માર્ગ પરના આ વિસ્તારમાં વારંવાર સર્જાતા અકસ્માતો ફરી ચિંતાનું કારણ બની રહ્યાં છે અને આ માર્ગ પર આવનારા સમયમાં કોઈ મોટા અકસ્માત ના થાય અને કોઈની જાનહાનિ ના થાય તે માટે તે તાત્કાલિક ધોરણે યોગ્ય પગલાં લેવામાં આવે તે જરૂરી જણાઈ રહ્યું છે.

## ખૂણેખાંચરેથી

- ૪થી તારીખે કલોલ તાલુકા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠક મળશે.
- ગલુદણ ગામે વિકાસ કામો રૂ. ૧૫ લાખના ખર્ચે હાથ ધરવાની ઓડાએ વહીવટીય મંજૂરી આપી દીધી છે.
- ગાંધીનગર શહેરમાં ગરમીના પ્રકોપ વચ્ચે ભારે ટ્રાફિક જોવા મળ્યો હતો.
- શિક્ષણમંત્રીઓની બેઠકમાં હાજરી આપવા આવેલા દિલ્હીના મનીષ સિસોદિયા અને જીતુ વાઘાણી સતત સાથે જોવા મળ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં આજે વિશ્વ બ્રાહ્મણ દિવસને લઈ સે. ૨૭ ખાતે સોમેશ્વર મહાદેવ ખાતે ૧૫૦૦ દિવડાઓની મહા આરતીનું આયોજન કરાયુ હતુ.
- ગાંધીનગર મનપામાં સ્ટોર શાખામાં પકડાયેલી ગેરરીતિ પછી આજે સ્ટોર શાખાનો ચાર્જ કૌશિક સોની, ઈડીપીનો ચાર્જ અમીત સિંધાઈ અને સંકલનનો ચાર્જ યાજ્ઞિક ઠેસિયાને આપતા હૂકમો કરાયા છે.
- અધિક નિવાસી કલેક્ટર સુશ્રી રિતુસિંઘ રજા પર જતાં તેમનો ચાર્જ ગાંધીનગર પ્રાંત અધિકારી બ્રિજેશ મોડિયાને આપવામાં આવ્યો છે.
- માણસા તાલુકાના ભીમપુરા ગામની જમીનને હાલના પરબતપુરા ગામના રેકર્ડમાં દાખલ કરી ૬૭ વર્ષ જુના પ્રશ્નનો સકારાત્મક ઉકેલ આવતાં ગ્રામજનોએ મહેસુલમંત્રી રાજેન્દ્ર ત્રિવેદીને મળી આભાર માન્યો હતો.
- ગાંધીનગર પોલીસની સરાહનીય કામગીરી જીવન આસ્થા હેલ્પલાઈન ૭ વર્ષમાં હજારો લોકોનું કાઉન્સીલીંગ કરી ડુબતી નૈયા પાર લગાવી.
- કલોલ તાલુકા પેન્શનર મંડળ દ્વારા મંડળના પરિવારના તેજસ્વી તારલાઓનું સન્માન કરવાનો એક કાર્યક્રમ યોજાઈ ગયો.
- ગાંધીનગર શહેરના ઘણા સેક્ટરોમાં પાણી દૂષિત આવતુ હોવાની ફરિયાદો ઉઠી છે.

# શહેરની પરિણિતાને ત્રાસ આપતા ત્રણ સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના સેકટર-૨૯ ખાતે રહેતી પરિણિતાએ પતિ, સાસુ અને સસરા સામે પોલીસ મથકે શારીરીક માનસિક ત્રાસની ફરીયાદ નોંધાવી છે. પ્રેમલગ્ન બાદ પરિણિતાનો ઘર સંસાર એક વર્ષ સુધી સંસાર બરાબર ચાલ્યો હતો. ત્યારબાદ સાસુ-સસરા દહેજ લાવવા અંગે મ્હેણા-ટોણા મારી ત્રાસ આપતા હતા.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ હાલમાં તેની માતા સાથે પરિણિતા કલોલ માર્કેટયાર્ડ પાસે રહે છે. પરિણિતાએ નોંધાવેલી ફરીયાદ મુજબ મહેસાણાના ખડદા ગામના અને હાલ સેકટર-૨૯ ખાતે રહેતા મનિષકુમાર સોલંકી સાથે વર્ષ ૨૦૧૪માં પ્રેમલગ્ન કર્યા હતા. પ્રસંગોપાત વતનમાં આવન-જાવન કરતા હતા.લગ્ન જીવન દરમિયાન બે બાળકનો જન્મ થયો હતો. એક વર્ષ સુધી ઘર સંસાર બરાબર ચાલ્યો હતો. ત્યારબાદ પ્રેમલગ્ન કર્યા હોવાથી સાસુ-સસરાને પસંદ ન હતું. જેથી વારંવાર પિયરમાંથી કંઈ લાવી નથી. અમારે મકાન લેવાનું હોવાથી તું તારા પિયરમાંથી રૂપીયા લઈ આવ તેવા મ્હેણા ટોણા મારતા હતા. પતિ પણ કહેતો હતો કે તારી સાથે ક્યાં લગ્ન થઈ ગયા, તુ તો ગરીબ છે કહીને મનફાવે તેમ બોલતા હતા. જેથી પરિણિતાએ સાસુ-સસરા અને પતિ સામે શારીરીક-માનસિક ત્રાસની ફરીયાદ નોંધાવી છે.




વનરક્ષક ભરતીની શારીરિક કસોટી યોજાઈ રહી છે. સેક્ટર-૨૭ ડીએસપી ગ્રાઉન્ડ ખાતે ઉત્તર ગુજરાત રિજ્યિનના ઉમેદવારો શારીરિક કસોટી માટે આવી રહ્યા છે. વહેલી સવારથી જ અહીં ઉમેદવારો અને તેમના વાલીઓનો જમાવડો જોવા મળી જાય છે.



સેક્ટર-૧૨માં એક વડલો છે. વર્ષોથી આ વડલાના ઓટલે વડીલોનો જમાવડો થતો હોવાથી વડલાને 'વડીલોનો વડલો' તરીકે જ ઓળખવામાં આવે છે. આ ઓટલે દરરોજ સવાર-સાંજ એકત્ર થતા વડીલો ધાર્મિક કાર્યક્રમો તો યોજે જ છે. સાથોસાથ નાના મોટા કાર્યક્રમો પણ યોજી સુખની વહેંચણી કરી તેને બમણું કરે છે. નાની મોટી બર્થ-ડે પાર્ટી, મેરેજ એનીવર્સરી કે અન્ય પ્રસંગોએ વડીલો અહીં મોજથી ચા-નાસ્તાની મહેફીલ પણ માણે છે.

# સેકટર-૨૯માં ખોદકામ સમયે ગેસની લાઈન લીકેજ થતા આગ લાગી



અદ્યતન સુવિધાયુકત કરવાના ચકકરમાં હાલ શહેરમાં આડેધડ ખોદકામ ચાલી રહ્યું છે. શહેરના સેકટર-૨૯ ચર્ચની પાછળના ભાગે રહેણાંક વિસ્તારમાં પાણીની પાઈપ લાઈન નાંખવા માટે જેસીબી દ્વારા ખોદકામ કરવામાં આવી રહ્યું છે. ત્યારે ગઈકાલે જેસીબી ખાડો ખોદી રહ્યું હતું તે દરમિયાન ગુજરાત ગેસની લાઈનમાં લીકેજ થતા આગ લાગી હતી. અચાનક આગ લાગતા જેસીબીનો ડ્રાઈવર કુદીને બહાર આવી જતા તેનો આબાદ બચાવ થયો હતો. જો કે આગના બનાવને પગલે સ્થાનિક નાગરીકોના જીવ અધ્ધર થઈ ગયા હતા. ત્યારે આગની જાણ ફાયર બ્રિગેડની ટીમને થતા તાત્કાલીક બનાવ સ્થળ પર પહોંચી જઈ પાણીનો મારો ચલાવી ગણતરીના સમયમાં આગ પર કાબુ મેળવી લીધો હતો.પરંતુ આગના બનાવને પગલે મનપા, ગુજરાત ગેસ અને ટોરેન્ટ તંત્રના અધિકારીઓ સહિત સ્થળ પર પહોંચી ગયા હતા.

# સિવિલની તાત્કાલીક વિભાગની પાસે આવેલી લીફટ શરુ કરવા માંગ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તાત્કાલીક વિભાગની પાછળના ભાગે આવેલી લિફટ ભંગાર હાલતમાં છે. છેલ્લા કેટલાક દિવસથી મરામત માટે લીફટ આપેલી હોવાથી હજુ સમય થાય તેમ છે.ત્યારે બાજુમાં આવેલી લીફટ તો વર્ષોથી બંધ જ છે. ત્યારે ગાયનેક વિભાગમાં આવતી મહિલા દર્દીઓને ભારે હાલાકી ભોગવવાનો વારો આવે છે.




જયારે એનઆઈસીયુ પાસે રહેલી લીફટ પણ વારંવાર ખોટકાતા મહિલા દર્દીઓને સ્ટ્રેચર દ્વારા પ્રથમ માળે લઈ જવા પડે તેવી સ્થિતિ નિર્માણ પામે છે. ત્યારે મહિલા દર્દીઓ માટે લીફટ તાત્કાલીક અસરથી શરુ થાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલમાં હોસ્પિટલમાં હાલના સમયે જુના બિલ્ડીંગનું રીનોવેશનનું કામ હાથ ધરાયું છે.તો બીજીતરફ ફાયર સિસ્ટમ લગાવાનું કામ પણ રોકેટ ગતિએ ચાલી રહ્યું છે. પરંતુ દર્દીઓને ઉપયોગી થાય તેવા કામ સિવિલમાં મંથરગતિએ થતા હોય છે. જુના બિલ્ડીંગમાં તાત્કાલીક સારવારની ઉપરના ભાગે ગાયનેક ઓટી, લેબરવોર્ડ, એએનસી, પીઆઈસીયુ, સહિતના વોર્ડ કાર્યરત છે. ત્યારે તાત્કાલીક વિભાગની પાછળના ભાગે આવેલી લિફટ આ વોર્ડના દર્દીઓ તેમજ સગાઓ માટે ઉપયોગી બની રહે છે. પરંતુ ૫ નંબરની લીફટ બંધ હોવાથી ૭ નંબરની લીફટનો ઉપયોગ કરવામાં આવે છે.પરંતુ તે લીફટ પણ ગમે તે સમયે બગડી જતા દર્દીના સગાઓને તેમજ સ્ટાફને મોટી મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ત્યારે ગાયનેક વિભાગના મહિલા દર્દીઓને સ્ટ્રેચરમાં દર્દીના સગા તેમજ કર્મચારીઓ લઈ જતા હોય છે. ત્યારે તાત્કાલીક ધોરણે આ લીફટ શરુ થાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# ઘરમાં પ્રવેશવાની ના પાડતા પરિણિતાએ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની મદદ માંગી

## ટીમના સભ્યોએ લાંબા સમય સુધી સાસરીયાઓનું કાઉન્સિલીંગ કરતા પરિવાર વિખેરાઈ જતા બચી ગયો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લાના માણસા ગામની પરિણિતા પોતાના સાસરીના જુનવાણી સ્વભાવને પગલે સાસરીપક્ષના નિયમોથી ત્રાહીમામ થઈ ગઈ હતી. પરિણિતાને ઘરમાં પ્રવેશવા ન દેતા તેણીએ ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈનની મદદ માંગી હતી.

મળતી વિગત મુજબ ગાંધીનગરના માણસા તાલુકાના એક ગામમાં બે વર્ષ અગાઉ પરિણિતાના લગ્ન થયા હતા. અઢળક અરમાનો સાથે લગ્નજીવનના હક્કો ભોગવવા સાસરીમાં પહોંચેલી પરિણિતાને રૂઢીચુસ્ત રીવાજોનું પાલન કરવાની સાસરીયા તરફથી કહી દેવામાં આવ્યું હતું. પરિણિતાને આખરે બધુ સરખુ થઈ જશે તેમ મન મનાવી ઘર સંસારનો પ્રારંભ કર્યો હતો. લગ્ન જીવનથી તેણીને હાલ ૧૪ માસનો દિકરો છે. પરિણિતાની ચુપકીદીથી સાસરીયા વધુ પ્રતિબંધ લાદવા લાગ્યા હતા. પરિણિતાને પિયરમાં જવાનું થાય તે સમયે દિકરાને સાસરીમાં મુકીને જવા માટે જણાવ્યુ હતું. જેથી પરિણિતા પિયરમાં જઈને દિકરાને પગલે સવારે જઈને સાંજે પરત ફરે. જયારે પરિણિતા કોઈ વિરોધ કરે તો તેને શારીરીક માનસિક ત્રાસ આપવામાં આવતો હતો.જયારે પતિ પણ તેના માતા પિતાને કંઈ કહી શકતો ન હતો. તાજેતરમાં પરિણિતાની માતા બિમાર પડતા પરિણિત દિકરાને સાસરીમાં મુકીને ગઈ હતી. પરંતુ માતાની તબિયત વધુ ખરાબ હોવાથી તે રોકાઈ ગઈ હતી. બે દિવસ બાદ માતા સ્વસ્થ થઈ ગયા પછી પરિણિતા સાસરીમાં આવી ગઈ હતી.પરંતુ સસરાએ ઘરમાં નહી પ્રવેશવા અને પતિએ પણ છુટાછેડાની સુચના આપી દીધી હતી. પિયરમાં માતાની તબિયત ખરાબ હોવાથી પરિણિતાએ ૧૮૧ અભયમ ટીમની મદદ માગી હતી. જેથી કોલ મળતા જ ટીમના સભ્યો પરિણિતાને લઈ સાસરીમાં પહોંચી ગઈ હતી. ટીમ દ્વારા પરિણિતાના પતિ અને સસરાનું લાંબા સમય સુધી કાઉન્સિલીંગ કરવામાં આવ્યું હતું. મહિલા કાયદાઓ અંગે અવગત કરાતા સાસરીયાઓને ભુલનો અહેસાસ થઈ ગયો હતો. પુત્રવધુનો સ્વીકાર કરી ફરીવાર આ પ્રકારની ભુલ નહી થાય તેવી બાંહેધરી આપી હતી.૧૮૧ ટીમની સરાહનીય કામગીરીને પગલે એક પરિવાર વિખેરાઈ જતા બચી ગયો છે.



સાદરા સંકુલની ગૌશાળા લીલા ઘાસચારામાં સ્વાવલંબી બને તેવું આયોજન કરાયું. ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરાની ગૌશાળામાં બારેમાસ લીલો ઘાસચારો ગાયોને મળી રહે તેવું આયોજન સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલ દ્વારા કરવામાં આવ્યું જેના લીધે ગૌશાળા લીલા ઘાસચારામાં સ્વાવલંબી બની. લીલા ઘાસચારા ચક્રમાં રજકો, મકાઈ, જુવાર અને ઓટનું વાવેતર કરવામાં આવી રહ્યું છે. જેમાં ગોવાળ પરિવાર જીવન રબારી અને નિતા રબારીનું શ્રમયોગી તરીકેનું પ્રદાન મહત્વનું રહ્યું.

# ચેરમેન જસવંતભાઈ પટેલની અવિરત સેવા, છેલ્લા ૧ વર્ષથી ચાલી રહ્યો છે નિઃશુલ્ક મેડિકલ કેમ્પ

ગાંધીનગર, તા. ૧

જનસેવા એ પ્રભુસેવાના સૂત્રને સાબિત કરતા ગાંધીનગર મહાનગરપાલિકાના ચેરમેન જશવંતભાઈ પટેલ દ્વારા માનવસેવાનું અદ્ભૂત કાર્ય કરવામાં આવી રહ્યું છે.

ચેરમેન દ્વારા છેલ્લા ૧ વર્ષથી પોતાના મત વિસ્તાર વોર્ડ-૧૧ ખાતે મેડિકલ કેમ્પ ચલાવવામાં આવી રહ્યો છે. જેમાં ગરીબ દર્દીઓનું મફત નિદાન કરવામાં આવી રહ્યું છે. જેમાં અત્યાર સુધી ૪ હજારથી પણ વધારે લોકોએ પોતાનું ચેકઅપ કરાવેલું છે. આ સેવાકીય કાર્યના ૧ વર્ષ પૂર્ણ થતા વાર્ષિક ઉજવણીના ભાગરૂપે મેગા મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અંદાજિત ૧૫૦ થી વધુ લોકોએ નિઃશુલ્ક મેડિકલ કેમ્પનો લાભ લીધો હતો અને જશંવતભાઈની કામગીરીને બિરદાવી હતી.

# સાદરા સંકુલમાં સમૂહ સફાઈ યજ્ઞ યોજાયો




ગાંધીનગર, તા. ૧

સ્વચ્છ ભારત અભિયાન તેમજ આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત મહાત્મા ગાંધી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠના મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરાના બી.એ. એમ.એ. વિભાગના બિનશૈક્ષણિક સેવકો, ગૃહપતિ-ગૃહમાતા સેવકો, સલામતી સેવકોની મદદથી સંકુલમાં સમૂહ સફાઈ યજ્ઞ હાથ ધરાયો. જેમાં સંકુલના હિંચકા બાગ, કસ્તુરબા કુટીર, મધ્યસ્થ ગ્રંથાલય બાગ, શતાબ્દી સ્મતિ બાગ, આરોગ્ય કેન્દ્ર ફૂલબાગમાં અને તેની આસપાસમાં સફાઈ યજ્ઞ કરી સંકુલનું પ્રાંગણ સ્વચ્છ કરાયું. સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના માર્ગદર્શન અને આયોજન થકી આ સમૂહ સફાઈ યજ્ઞ સફળતાપૂર્વક પુરો થયો. સંકુલના ૩૬૫ વિદ્યાર્થીઓ ઉનાળુ વેકેશનમાં છે તેવા સંજોગોમાં સંકુલના સેવકો જાતે સફાઈ કાર્ય કરી સંકુલને સ્વચ્છ રાખવાનું ઉમદા કાર્ય કર્યાની શીખ સમાજમાં-રાજ્યમાં-રાષ્ટ્રમાં પુરી પાડી છે.

# ચૌધરી ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ સેક્ટર-૭ ખાતે કાનૂની શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૧

રાજય કાનૂની સેવા સત્તામંડળ તથા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગરના ઉપક્રમે ચૌધરી ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ સેક્ટર-૭ ખાતે એક કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું જેમાં પેરાલીગલ વોલન્ટીયર સુધીર દેસાઈએ પૂર્વ ગર્ભાધાન અને પ્રસવ નિદાન ટેકનીક (ગર્ભ પરીક્ષણ નિષેધ) અધિનિયમ ૧૯૯૪ એટલે કે પ્રિ કન્સેટ્સાન એન્ડ પ્રિનેટલ (પ્રોહિબિશન ઓફ સેકસ સિલેક્શન) એક્ટ ૧૯૯૪ તેમાં સુધારો ૨૦૦૩ વિશે એક્ટમાં દર્શાવેલ તબીબી પરિભાષાના શબ્દો અને અધિનિયમ એક્ટની કાયદાકીય જોગવાઈઓના ભંગ બદલ સજાપાત્ર ગુન્હા બને છે અને તે માટે આ સજાની જોગવાઈઓમાં સાલ ૨૦૧૬માં થયેલા સુધારા વિશે વિસ્તૃત રીતે માહિતીગાર કર્યા. આ એક્ટમાં તબીબી પરિષાભા અને કાયદાની ખાસ ભાષા બંનેનો સમાવેશ હોવાથી સરળ ભાષામાં અર્થઘટન કરી એક્ટનું આજમાં પરિપ્રેક્ષ્યમાં બાળ દીકરી જન્મ અને બાળ દીકરા જન્મનો રેસિયોમાં તે અંતર છે તેને દૂર કરવાની અને સરખો કરવાની અત્યંત જરૂર છે અને તે માટે સમજણ આપી હતી. આ શિબિરમાં સંસ્થાના ૩૬૦ જેટલા સંખ્યામાં શિસ્તબદ્ધ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઈન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટર તથા પ્રિન્સિપાલ જૈનના સહયોગથી યોજાયેલી આ શિબિરમાં વા.પ્રિ. મોનીકા ક્રિશ્ચિયન તથા જી.એન.એન. કો. ઓર્ડીનેટર ફેબા પૌલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

**ઈ-ટેન્ડરીગ જાહેર નિવિદા (બીજો પ્રયત્ન)**
**વર્ષ-૨૦૨૨-૨૩**
**ગાંધીનગર મહાનગરપાલિકા**
**બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર**

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
| --- | --- | --- | --- |
| ૨૫/૨૦૨૨-૨૩ | Construction of Cattle Pounds & ABC Center at TP 238 (Sughad) & Renovation of Cattle Pounda & ABC Center at Sector 30 under GMC Area. | રૂ. ૧૨,૦૦૦/- | રૂ. ૬,૮૩,૮૦૦/- |

ટેન્ડર ફોર્મ તા. ૨/૬/૨૦૨૨ થી તા. ૨૩/૬/૨૦૨૨ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીના નામે તા. ૨૪/૬/૨૦૨૨ થી તા. ૨/૭/૨૦૨૨ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે. તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ટેકનીકલ બીડ ઓપનીંગ તા. ૨/૭/૨૦૨૨ના રોજ સમય ૧૭:૦૦ કલાકે કરવામાં આવશે. પ્રાઈઝ બીડ ઓપનીંગની જાણ અલગથી કરવામાં આવશે.

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર

માહિતી/૪૮૨/૨૨-૨૩